સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

કહ્યું - '' હા કાગડો'' - એ આજે કોઈ દાદ દેતું નથી !
કહી કથા અનેક, આજે કોઈ યાદ કરતું નથી.
કરી કીલકારી, એ હવે કોઈ સાદ દેતું નથી.
ગૂંજતો સંવાદ હવે કોઈ યાદ કરતું નથી !

હાઈકુ

જીવન વૃદ્ધ -
ખોવાયું એકાંતમાં -
રડે ઉમંગ...

શુષ્ક જીવન -
આહ્લાદ થયો વૃદ્ધ
હસે પરાણે...

ચિંતન

દેવે ચ દેવે ચ ગુરૌ ચ મંત્રે,
તીર્થે મહાત્મન્યપિ ભેષજે ચ ।
શ્રદ્ધા ભવત્યસ્ય યથા યથાન્ત,
સ્તથા તથા સિદ્ધિરુદેતિ પુંસામ્ ॥

ઉપરોક્ત શ્લોક 'વિવેક ચૂડામણિ' ગ્રંથમાંથી લેવામાં આવ્યો છે.

દેવ, વેદ, ગુરુ, મંત્ર, તીર્થ, મહાત્મા અને દવા ઉપર જેવી જેવી શ્રદ્ધા હોય છે, તે પ્રમાણે મનુષ્યોને ફળની તેવી તેવી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. અર્થાત જેવી શ્રદ્ધા તેવી સિદ્ધિ.

દેવ, વેદ, ગુરુ, મંત્ર, તીર્થ, મહાત્મા, સંતો અને દવા-વૈદ્ય જાતે જ શક્તિના સ્ત્રોત તો છે જ, એમનું અનુમોદન અને આચરણ ફળ આપે જ છે, પરંતુ વ્યક્તિ જો એનામાં પ્રબળ શ્રદ્ધા-વિશ્વાસથી તેની ભક્તિ કરે તો વધારે ઝડપથી આ તત્વો તેને મદદરૂપ બને છે.

સુવિચાર

- વિધાતા કી અદાલત મેં વકાલત બડી પ્યારી હૈ, ખામોશ રહીયે, કર્મ કિજિયે, આપકા મુકદમા જારી હૈ - **અમૃતબિંદુ**
- આ જગતના મોટાભાગના સફળ લોકો સાધારણ લોકો કરતાં અનેકગણા નિષ્ફળ રહી ચૂક્યા છે. **- રોબિન શર્મા**
- સારાને ના પાડતાં શીખો કે જેથી શ્રેષ્ઠને હા પાડી શકો. **- જ્હોન મેક્સવેલ**
- જ્યારે આપણે આપણા વલણની જવાબદારી સ્વીકારીએ છીએ, એ જ દિવસે આપણે સાચા પુખ્ત થઈએ છીએ - **માનસ સૂત્ર**
- માણસનું મગજ એક સુષુપ્ત રાક્ષસ જેવું છે - **હંગેરિયન કહેવત**
- જીવન એક સર્જનાત્મક સમસ્યા નિરાકરણ માટેની સતત કસરત છે - **માઈકલ જોર્ડન**
- આજનું ઔષધ : લસણ, હળદર અને ગોળને મેળવીને તેનો લેપ મૂઢ માર પર કરવાથી રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મોટાભાગના માણસોને એ જ નથી સમજાતું કે દરેક બાબતમાં સંયમ કરવાનો હોય તો શું અને કેમ જીવવું? ન કોઈ સ્વાદમાં રસ લેવાય, ના કોઈ ભોજનની સુગંધ આકર્ષે, ના કોઈ સુંદર વસ્ત્રો પહેરાય, ના કોઈ સંગીતમાં રસ લેવાય. જો કોઈ મહત્ત્વાકાંક્ષા બાકી ન રહે તો શેના માટે જીવવાનું ?

મુલ્લા નસરૂદ્દીન ગુજરી ગયો. સો વર્ષની ઉંમરે મર્યો હતો. સ્વર્ગના દરવાજા પર સૅન્ટ પીટર પહેરો ભરતા હતા. સૅન્ટ પીટરે પૂછ્યું, 'ઘણું લાંબું જીવ્યા, આ સો વર્ષમાં કયા કયા પાપ કર્યા છે પૃથ્વી ઉપર ?'

સૅન્ટ પીટરને લાગ્યું આ મુલ્લા સો વર્ષના થયા છે એટલે એમને પાપ શબ્દની સમજણ નથી. એટલે સૅન્ટ પીટરે પૂછ્યું, 'ક્યારેય ચોરી કરી છે ?' મુલ્લાએ કહ્યું, ના. સૅન્ટ પીટર, 'જૂઠ્ઠું બોલો છો, દારુ પીધો છે ? વ્યાભિચાર કર્યો છે ?'

મુલ્લાએ કહ્યું, જી ના. ત્યારે સૅન્ટ પીટરે કહ્યું, 'તો પછી આટલો બધો લાંબો... સો વર્ષ જેટલો સમય તમે કેવી રીતે પસાર કર્યો ? શું કર્યું પૃથ્વી પર ?'

મુલ્લાએ કહ્યું, 'તમે અહીંયા અનંત કાળથી ઊભા છો, તો તમે શું કરો છો આખો વખત ?'

પાપ જેવું કાંઈ હોય જ નહીં તો માણસને લાગે છે કે જીવનમાં છે શું ? અસંયમ ના હોય તો ભોગવીશું શું?

રાજકારણમાંય 'બોલે તેનાં બોર વેચાય'

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બીજા રાજકારણીઓથીત કેટલીક બાબતોમાં બહુ જ જુદા પડે છે. માતા હીરાબાની અંગત કાળજી અને દરેક વખત જ્યારે પણ ગાંધીનગર-અમદાવાદની મુલાકાતે આવે ત્યારે પદ્ધતિસર કૅમેરા સામે જ એમનાં ચરણસ્પર્શ, વળી વડીલોને યાદ કરી એમની મુલાકાત લઈ, જેમને પોતે જ હટાવીને ગુજરાતની ગાદી અંકે કરેલી એવા પાર્ટીની પાયાની ઈંટ જેવા પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલને પણ ચરણસ્પર્શ કરવાની પરંપરા, આ બધાથી ઉપર ચૂંટણી માટેનું ફૉર્મ ભરતાં ઍનડીએના ઘટક પક્ષોના તમામ નેતાઓની હાજરી, એમાં સતતત અપમાનજનક અને કટાક્ષપૂર્ણ અગ્રલેખો લખનાર શિવસેનાના સુપ્રીમો પણ નીચે મૂંડીએ હાજર રહે અને ક્યારેક પોતાને મોદી કરતાં વડાપ્રધાનપદ માટે વધારે લાયક ગણતા રહેલા અને એ જ મુદ્દે ઍનડીએ છોડી ગયેલા પરંતુ ભ્રમનિરસન થતાં પરત ઠેકાણે આવી ગયેલા નીતીશકુમારને પણ ફરજિયાત હાજર રહેવું પડે; સૌથી સિનિયર એવા અકાલી દળના અધ્યક્ષ અને પંજાબના પૂર્વ મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલના જાહેરમાં ચરણસ્પર્શ... આવી ઘણી બાબતો ગણાવી શકાય જેમાં દેશનો અન્ય કોઈ નેતા એમની સામે ટકી નહીં શકે. રાહુલ ગાંધી તો શિખાઉ બાળક જેવા લાગે. પરિવારના જ સદસ્યોની હાજરીમાં ઉમેદવારી કરવી અને પોતાની સાથે જોડાયેલા વરિષ્ઠ ગઠબંધન સાથીઓની હાજરીમાં ઉમેદવારી કરવી, કૅમેરા સામે જ ૯૩ વર્ષના પ્રકાશસિંહ બાદલના ચરણસ્પર્શ કરવા એ બે વચ્ચે સરખામણી થઈ જ ન શકે. ટીકાકારો એને મોદીના નાટકવેડા કહી મજાક ભલે કરતા ફરે પણ પ્રજા પર એની જાદુઈ અસર થતી હોય છે તે ન ભૂલવું જોઈએ. મોદીએ આ વખતની ચૂંટણી ચાલુ સરકાર તરફી વલણ ધરાવતી પહેલી ચૂંટણી છે એવું પણ કહી નાખ્યું.

નહેરુએ ૧૯૪૮ની પંદરમી ઑગષ્ટથી લઈ ૧૯૬૪ની ૨૭મી મે સુધી એકધારું શાસન ચલાવ્યું, જેમાં ૧૯૫૨, ૧૯૫૭, ૧૯૬૨ એમ ત્રણ લોકસભાની ચૂંટણીઓ થઈ. જો એ બધી ઍન્ટિ-ઈન્કમ્બન્સીવાળી હોત તો દેશમાં સળંગ કોંગ્રેસની સરકાર કઈ રીતે ચૂંટાઈ હોત? ઈન્દિરા ગાંધીએ માત્ર કટોકટીવાળી ભૂલ કરી એટલે એમનું શાસન બે ટુકડામાં ખંડિત થયું, નહીંતર એમણે પણ ૧૯૬૫થી ૧૯૭૭ સુધી અને પછી ૧૯૮૦થી ૧૯૮૪માં એમના મૃત્યુપર્યંત એકચક્રી રાજ કર્યું હતું. મોદીને ખબર છે કે પ્રજાને, સવિશેષ નવા મતદારો અને મહિલાઓને દેશના ઈતિહાસ કે ભૂગોળ કે ભૂતકાળની ઝાઝી ગતાગમ નથી પડતી. પ્રજાને એટલી ખબર છે કે કાશી વિશ્વનાથ એટલે ભગવાન ભોળાનાથ દેવાધિદેવ છે અને મોદી એમની નગરીમાં ચૂંટણી લડી રહ્યા છે. તેઓ પોતાને ગંગામૈયાએ જ અહીંથી ચૂંટણી લડવા બોલાવ્યા હોવાનું કહેતા રહ્યા છે. કાશીને જાપાનના ક્યોટોમાં ફેરવવાની મોટી મોટી વાતો ભલે હવા-હવાઈ લાગતી હોય પરંતુ એ ગંદા ધર્મનગરમાં એમના કાર્યકાળમાં પાયાની સુવિધાઓ ઉપરાંત ઍરપોર્ટ અને ઉચ્ચ કક્ષાની હૉસ્પિટલો જેવી લોકહિતની પ્રવૃત્તિઓ જરૂર થઈ છે. ગંગા શુદ્ધિકરણનું કામ પ્રગતિમાં છે. ડૉ. મનમોહનસિંહે આ ચૂંટણીમાં સ્ટાર પ્રચારકની ભૂમિકા નથી નિભાવી કારણ કે એમને મોદી જેવું બોલતાં નથી આવડતું. પરંતુ મોદીકાળ દરમિયાન ૪ કરોડ લોકો બેરોજગાર બન્યા છે અને મોટી નાણાનીતિએ દાટ વાળ્યો છે એટલું તો તેઓએ એક અખબારી મુલાકાતમાં ખોંખારીને કહ્યું જ છે. મોદીશાસન દરમિયાન સંસ્થાનો તૂટી પડ્યાં છે, એ સૌથી મોટી ચિંતાનો વિષય છે. સીબીઆઈથી લઈ ચૂંટણીપંચ અને સુપ્રીમ કૉર્ટ સુધીનાં સંસ્થાનો જર્જરિત હાલતમાં મુકાયાં છે છતાં મોદી પ્રજામત પર અસવાર થઈ વધુ એક તક મેળવશે એ વિશે શંકાને સ્થાન નથી.

વિકાસ જો કરવો હોય તો ડુંગરપુરનો કરો

ગુજરાતમાં ટુરિઝમનો કેવો વિકાસ થયો છે અને લોકોની શી અપેક્ષા છે તે માટેનો એક સર્વે કરવાનું નક્કી કરવામાં આવ્યું. આ માટેની એક ટીમ જ્યારે ગૃહિણીઓની મુલાકાત લઈ રહી હતી ત્યારે એક મહિલાને પૂછવામાં આવ્યું કે ગુજરાતના યાત્રાધામોનાં નામ બતાવો અને ટુરિઝમની દૃષ્ટિએ કયા યાત્રાધામોમાં વિકાસની જરૂર છે તે પણ બતાવો.

તો જવાબ મળ્યો, અંબાજી, ડાકોર, પાલિતાણા, તારંગા, દેવભૂમિ દ્વારકા અને ડુંગરપુર !

સર્વે કરનાર ટીમ આ છેલ્લું નામ સાંભળી ચમકી ગી. તેમને થયું કે ડુંગરપુર ક્યાં ગુજરાતમાં છે ? વળી રાજસ્થાનમાં પણ ટુરિસ્ટ પ્લેસ તરીકે તો નથી જ. તેથી ટીમે જ્યારે મહિલાને આ અંગે પૂછ્યું તો મહિલાએ વાર્તા માંડી...

જુઓ સાહેબ, હોળી-દિવાળી વગેરે તહેવારોમાં રામાઓ વતનમાં ચાલ્યા જાય છે અને પંદર પંદર દિવસ સુધી પાછા નથી આવતા. (કારણ કે હવે તો રામાઓ પણ અમદાવાદના રસ્તાઓની જેમ ખાડા નહીં પણ ભૂવા જ પાડે છે) ત્યારે તેમને લેવા ગૃહિણીઓએ પોતાના પતિદેવ સાથે ડુંગરપુર સુધી લાંબા થવું પડે છે કારણ કે મોટાભાગના રામાઓ ડુંગરપુરના જ હોય છે. ત્યારે ડુંગરપુરમાં મિનિ ગુજરાત ઊભું થાય છે. તેથી ડુંગરપુરને અમે ગુજરાતમાં જ માનીએ છીએ. અને તેથી અમારા માટે તો તે તીર્થસ્થાન સમાન જ છે. તેથી વિકાસ જો કરવો હોય તો ડુંગરપુરનો કરો.

કોઈ કોઈ ગૃહિણી તો સ્વગત બબડે પણ છે કે રામા વગરની આપણી તે કંઈ જિંદગી છે ? પતિને જવું હોય તો ભલે જાય, રામો ન જવો જોઈએ. આમ રામો એ ગૃહિણીઓની લાઈફ લાઈન છે.

એક પતિએ તેની પત્નીના બર્થ-ડે પર જ્યારે તેની પત્નીને પૂછ્યું, બર્થ ડે ગિફ્ટ શું જોઈએ છે ? પ્રેમી પંખીડાના અંદાજમાં વળી કહ્યું પણ ખરું, તું કહીશ તો આકાશના તારા પણ તોડી લાવીશ.

ત્યારે પત્નીએ જવાબ આપ્યો, આકાશના તારા મને શું કામના ? તે કાંઈ કપડાં ધોઈ આપશે ? તેના કરતાં મને એક એવો રામો લાવી આપો જે કોઈ દિવસ ખાડા કે ભૂવા ના પાડે.

'મિશન ઈમ્પોસિબલ' કહી પતિદેવે હાથ ધોઈ નાખ્યા.

આજની તારીખે રામાઓની આ કદાચ છેલ્લી બૅચ હશે કારણ કે હવે તો રામાઓ પણ પોતાના દીકરા-દીકરીઓને ઈંગ્લિશ મીડિયમવાળી સ્કૂલમાં ભણવા મોકલે છે. એ લોકો શું ગ્રેજ્યુએટ થઈને રામાઓ તરીકે કામ કરશે ? ત્યારે પરિસ્થિતિ અમેરિકા જેવી થશે. રામાઓ કારમાં આવશે અને કલાકના હિસાબે કામના ડૉલર કે બીટ કોઈનના હિસાબે પૈસા માગશે !

અહીં રામાની રામાયણ પૂરી થાય છે અને હવે આપણે જઈ રહ્યા છીએ વૉટ્સઍપ યુગમાં.

વૉટ્સઍપ પર વાંચેલી કેટલીક રસપ્રદ વાતો આ રહી. કેટલાકે કદાચ વાંચી પણ હશે પરંતુ જે લોકો એ ગાડી ચૂકી ગયા હોય તેમના માટે અહીં રજૂ કરીએ છીએ.

પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો ત્યારે પતિએ ગુસ્સામાં ને ગુસ્સામાં કહ્યું, તારા જેવી તો મને ૫૦ મળે છે. પત્નીએ હસતાં-હસતાં કહ્યું, હજુ મારા જેવી જ જોઈએ છે ?

એક મિત્રે બીજા મિત્રને કપડામાં બટન ટાંકતા જોઈ પૂછ્યું, લગ્ન પછી પણ તારા કપડાંમાં તારે જ બટન ટાંકવા પડે છે ? પહેલાએ જવાબ આપ્યો, આ કપડાં મારા નથી, મારી પત્નીનાં છે.

એક ભાઈએ લાઈબ્રેરીમાં જઈ લાઈબ્રેરિયનને પૂછ્યું, આપઘાત કરવા અંગેનું પુસ્તક મળશે ? લાયબ્રેરિયને જવાબ આપ્યો, જરૂર મળશે. પરંતુ પછી તે પાછું આપવા કોણ આવશે ?

એક જ દિવસમાં એક પ્રેમીને બે વાર હાર્ટ એટેક આવેલા. પહેલો ત્યારે કે જ્યારે તેની પ્રેમિકાએ મેસેજ મોકલાવેલો કે, હવે આપણે છૂટા પડીએ છીએ. અને બીજો ત્યારે કે જ્યારે તેને બીજો મેસેજ મલ્યો, આગલા દિવસે કરેલ મેસેજ તારા માટે નહોતો !

એક મિત્રે બીજા મિત્રને પૂછ્યું, રવિવારના ફંક્શનમાં આવવું છે ને ? પત્નીને પૂછીને જણાવજો.

બીજા મિત્રે કહ્યું, એમાં પત્નીને શું પૂછવાનું ? હું જાતે જ નક્કી કરીને જણાવીશ.

આ જ પ્રશ્ન તેની પત્નીને તેની બહેનપણીએ પૂછ્યો ત્યારે પત્નીએ કહ્યું, આ માટે તો મારે એમને પૂછવું પડે.

બંને ખોટું બોલી રહ્યા હતા !

- ચિત્રસેન શાહ

વૉટ્સઍપ ગ્રૂપનાં કેટલાંક નવકવિઓને એક પત્ર

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

મિત્રો, ફરી એક વાર કવિતાલેખન સંદર્ભે કંઈક વાત કરવાનો ઉપક્રમ છે. કેમ કે આજકાલ કવિતાઓ (?) ખુબ લખાય છે. કવિતાઓના, સાહિત્યના અનેક વૉટ્સપ ગ્રુપ્સ ચાલી રહ્યા છે, સોશ્યલ મીડિયા ઉપર પણ ચારે બાજુ કવિતા કવિતા થઈ રહ્યું છે. પહેલા તો વર્ષો સુધી લખતા કવિને પણ માંડ માંડ કોઇ ઓળખી શકતું હતું. જ્યારે આજે બે ચાર કવિતાઓ લખી હોવા છતાંય નવકવિઓ સોશ્યલ મીડિયા ઉપર છવાયેલા રહે છે. હું કવિતાના ત્રણ ચાર વૉટ્સપ ગ્રુપમાં છું. એમાં પોસ્ટ થતી મોટાભાગની કવિતાઓ જોઇને આ પત્ર લખાવાની જરુર જણાઈ છે. શક્ય છે કે ઘણા મિત્રોને મારો આ પત્ર નહીં જ ગમે. તેથી આવા મિત્રોની અગાઉથી ક્ષમા માંગી લઉં છું. કેમ કે મારો આશય કોઇને ઉતારી પાડવાનો કે કોઇની ટીકા કરવાનો નથી પણ સત્ય રજુ કરવાનો છે. અને જે સત્ય છે એ તો સત્ય જ રહેવાનું છે. અને ના ગમતું હોવા છતાંય સત્ય જેટલું વહેલું સ્વીકારીએ એટલું આપણી માટે જ વધુ સારું પણ હોય છે.

મિત્રો, કવિતા લખવી એ કાંઇ નાના બાળકને ચોકલેટ અપાવી દેવા જેવી ઘટના નથી. કવિતા તો વર્ષોની સાધનાથી સિદ્ધ થતી કલા છે. હું ભલે કવિતાના બધા વૉટ્સપ ગ્રુપમાં સક્રિય નથી પણ એમાં પોસ્ટ થતી મોટાભાગની રચનાઓ ઉપર મારું ધ્યાન તો પડતું જ હોય છે. તેથી વાંચી વાંચીને દુઃખી દુઃખી થઈ જવાય છે. જોડકણા પણ સારા હોય એવી કવિતાઓ (?) વાંચીને ઘણી વખત એમ થાય કેપ.. પણ પ ઘણા મિત્રો કશું જ સમજ્યા વિના લખ્યા જ કરતા હોય છે. એ પછી કવિતા બને છે કે નહીં એની કોઇ જ પરવા નહીં. અને પાછા બીજા બધા મિત્રો આવી જોડકણાથી યે ઉતરતી કક્ષાની કુકવિતાઓને વાહવાહી આપીને લખનાર કવિને ખોટી રીતે પ્રોત્સાહન આપીને એમની જ કાવ્યલેખન પ્રવૃત્તિના વિકાસને અનાયાસે અટકાવી દેતા હોય છે. મિત્રો, આજે ૨૧મી સદી છે. સોશ્યલ મીડિયાની સદી છે. બધાને ક્યાંક ને ક્યાંક મંચ પણ મળી જશે, ફેસબૂક – વૉટ્સપ પર લોકો ''કવિ – કવિ'' કરીને તમને ચણાના ઝાડ પર પણ ચડાવી દેશે. તમને એવું પણ લાગશે કે તમે હવે ખુબ મોટા કવિ બની ગયા છો. અને જો એકવાર તમે એ ભાવમાં આવી ગયા તો પછી તમને કોઇ નીચે ઉતારી શકશે નહીં. આજે ખોટા વખાણ કરવાવાળા હજારો છે સાચું કહેવાવાળા કોઇ નથી ? તમારી સાથેના જ મોટા કવિ મિત્રો જાણતા હોય છે તમે સાવ અકવિતા જેવું / જોડકણા જેવું લખી રહ્યા છો. જે લખો છો તે જોડકણામાંય ચાલે તેમ નથી છતાંય તમારી વાહવાહી કરશે. પણ એના કાવ્યાત્મક – સાહિત્યિક મૂલ્યનું શું ? આ સત્ય જેટલું વહેલું સમજી લેશો એટલું આપ સૌ માટે સારું છે.

આજે ઘણા વૉટ્સપ ગ્રુપમાં તરહી મુશાયરાઓ, શુક્રવારી સભા, શની સભા, ગીત - ગઝલ દિવસો મનાવાતા હોય છે. અને અપાયેલી પંક્તિ કે વિષય કે ફોટા ઉપરથી બધાએ લખવાનું હોય છે. અને પછી શરું થાય છે સૌથી વધુ ઉતરતું લખવાની સ્પર્ધા. કોઇ શબ્દોને ઘસી નાખવાની વાત કરે તો કોઇ વાંઢાની, ઢાંઢાની વાત કરે, કોઇ પોતાને થયેલા અન્યાય (?)ની વાત લાવે, કોઇ ટાંકને ઠરડાઇ જતી અનુભવે તો કોઇ કોઇના દિલમાં છબિ રચાવે તો કોઇ શબ્દોને ફાટેલા ઢોલ જેવા કહે તો કોઇનું મગજ દિલ સાથે લડતું રહે છે, તો કોઇ સવારમાં શાક વઘારતા ગાલે ભીંડી લગાવવાની અનૂભુતિ કરે છે. આવા અનેક સંદિગ્ધ વિચારોની શબ્દજાળો રચીને પોતે ને પોતે ફસાઈને પોતાનું શરું થયેલું કવિત્વ વિખેરી કરી નાખે છે.

મિત્રો, મને માફ કરશો, મારે ના કહેવું જોઇએ પણ મોટાભાગના નવકવિઓ કે નવ કવયિત્રીઓ માત્ર અને માત્ર શબ્દો સાથે રમત જ આદરે છે. લઘુ ગુરુની સમજ આવી જવાથી કવિતા કે ગઝલ આવડી જતી હોત તો તો સાતમું આઠમું ભણતા વિદ્યાર્થીઓ પણ કવિઓ હોત. અને પ્રાથમિક – માધ્યમિક તમામ શિક્ષકો પણ કવિઓ હોત. હું અહીં કોઇના નામ નથી લખતો પણ કવિતામાં કંઈક તો હોવું જોઇએ ને ? ભલે હું જાણું છું કે કોઇ કવિ સીધા ઉમાશંકર કે રમેશ પારેખ નથી બની શકતા. પણ પોતે જે લખે છે તેમાં કવિતા જેવું દસ ટકા તો કંઈક હોવું જોઇએ ને ? જો ખરેખર સારા કે સાચા કવિ બનવું હોય, સાહિત્યમાં કંઈક નક્કર કામ કરી જવું હોય તો સોશ્યલ મીડિયાની મોહમાયાજાળમાંથી જલદીથી મૂક્ત થઈ જવાની જરુર છે. એમાં મળતી ખોટી વાહવાહીથી ફૂલાયા વિના વધુ ને વધુ વાંચન અને શીખવાનો ભાવ રાખી આગળ વધશો તો આપોઆપ તમારી નવી કેડી કંડારાતી જશે. થોડી શિબિરો, વર્કશોપ અને તાલીમ જ્યાંથી મળે ત્યાં લો. કોઇ સારા કવિનું સતત માર્ગદર્શન લેતા રહો, સસ્તી પ્રસિદ્ધિ મેળવવાની લાલશા ત્યાગી ધીરજથી, સમજી વિચારીને લખો અને આ માટે પદ્ધતિસરનું, મૂલ્યવાન લખવાની જરુર પડે છે. નહીં કે ગમે તે મનમાં આવ્યું ને કાવ્યના કે ગઝલના કે અછાંદસના ફોર્મમાં એને મુકીને વહેતું કરી દીધું. નહિતર તમે આજે જેમ વૉટ્સપ ગ્રુપમાં લખો છો તેમ જ વર્ષો પછી પણ વૉટ્સપ ગ્રુપમાં જ લખતા હશો. એક જ પગથિયા ઉપર વર્ષો સુધી રહેવું છે કે ઉપર ચડવું છે ? એ તમારે ખુદને નક્કી કરવાનું છે.

મિત્રો, કવિતામાં યોજાતા દરેક શબ્દોને પોતાનું એક જુદું સૌંદર્ય હોય છે. અર્થનું એક લાલિત્ય હોય છે. જેમ સંગીતમાં સાત સૂર હોય તો જ સંગીત સાંભળવું ગમે છે તેમ કવિતામાં પણ શબ્દોના જુદા જુદા લયસ્તરો હોય છે. એમાં નવરસનું રસત્વ હોય છે. અર્થનું ગાંભિર્ય હોય છે. આ બધું એક ભાવમાં, સંવેદનમાં ઘૂંટાય ત્યારે કવિતા નીપજે છે. મનમાં ઊઠતા તમામ ભાવોને મારીમચડીને કવિતામાં ના બેસાડી દેવાના હોય. એમ કવિતાઓ બની જતી હોય તો તો રસ્તે નીકળતા ફેરિયાઓ, શાક વેચતા શાકવાળાઓ, મજુરો સૌ કોઇ કવિ થઈને ફરતા હોત. આડાઅવળા શબ્દોને ગમે તેમ કરીને લગા લગા કે ગાલગા કે ગાગામાં ગોઠવી દેવાથી કવિતા નથી બની જતી. સંગીતના સાત સૂરને સમજ્યા વિના બરાડા પાડીને ગાતા માણસના બેસૂરા ઘોંઘાટ જેવી ઘણા કવિઓની કવિતાઓ માત્ર સંદિગ્ધ શબ્દોના ઘોંઘાટ સિવાય બીજું કશું જ હોતી નથી.

મિત્રો, આજે નવા કવિઓ માટે ઘણા દરવાજાઓ ખૂલ્યા છે. ઘણી સાહિત્યિક સંસ્થાઓ, વ્યક્તિઓ, અખબારો આપને સૌને પ્રોત્સાહન આપવા માટે, એક મંચ આપવા માટે પોતાના ખર્ચે કવિ સંમેલનો યોજે છે. મુશાયરાઓ યોજે છે. આવી રીતે મળતી બે પાંચ તકમાં જો તમારી કવિતા નહીં બોલે તો પછી લખવું વ્યર્થ છે. બીજાનું ખુબ વાંચો, સમજો, વિચારો અને પછી લખો, લખ્યા પછી એને ફરીથી થોડા દિવસ બાદ વાંચો અને સુધારો, ફરી આઠ દસ દિવસે વાંચી સુધારો, વિચારો અને મન કહે કે હવે બરાબર છે પછી જ એને પોસ્ટ કરો. પણ ઘણા તો રોજ સવારે ઊઠતાવેંત જ જેવી લખાય એવી બે ચાર કવિતાઓ લખી નાખીને ગ્રુપમાં પોસ્ટ કરી દેતા હોય છે.

મિત્રો, આપણે આપણા શબ્દોનું ગૌરવ વધારવાનું હોય છે. જો આપણે આપણા શબ્દનું ગૌરવ કરીશું તો જ આપણો શબ્દ આપણું ગૌરવ કરશે. કવિતાનો શબ્દ ખૂબ પવિત્ર હોય છે એનો જોઇ સમજીને પ્રયોગ કરવો જોઇએ, કવિતા લખવી એટલે મંદિરમાં ઈશ્વરની પૂજા કરવી કે કોઇ મસ્જિદમાં અલ્લાહની બંદગી કરવા જેવું કાર્ય છે.

મિત્રો, આ પત્રમાં ક્યાંય કોઇને કશું માઠું લાગે તો ક્ષમા કરશો. કોઇએ પોતાના માથે કશું ના લેવું. માત્ર સાર્વજનિક વાત છે. આપ સૌ ખુબ સારું લખો, સૂક્ષ્મ લખો, મૂલ્યવાન લખો અને શબ્દ તથા સાહિત્યનું ગૌરવ વધારો એવી અભ્યર્થના.

ઈસ અંજુમન મેં આપકો આના હૈ બારબાર ....!!!!!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

બસસ્ટેન્ડની લાઈનમાં કોઈને મસ્તીથી સીટી વગાડતો ખભ્ભે ટીફીન-બેગ લઈને ઉભેલો જોઇને જીવ બળી જાય છે ? કે સાલો કેટલી મોજથી નોકરીએ ઉપડ્યો છે ને આપણે ....??? સ્કુલે જવા ખીલખીલાટ સાથે બસની રાહ જોઇને ઉભેલા બાળકને જોઇને પરાણે ભણવા જતો બીજો બાળક શું વિચારતો હશે ? એજ કે આને શેનો હરખ છે આટલો બધો ભણવા જેવા બોરિંગ કામ માટે ? 'રોજ રોજ શું રાંધવું ? 'કે પછી 'હાલો હજુ મારે તો રસોડું રાહ જોવે છે '' જેવા મોનોટોનસ વાક્યો સામે 'આજ તો કૈક નવી રેસીપી ટ્રાય કરવાની ઈચ્છા છે 'જેવું કશુક સ્વાદિષ્ટ લાગે એવું અને ભૂખ ઉઘાડી દે એવું વાક્ય બોલતી ગૃહિણી સામે જોઇને પેલા રોજ રોજ શું રાંધવાની ચિંતા કરવાવાળા બેન શું વિચારતા હશે ?.....સી , પરિસ્થિતિ બધા જ મામલે સરખી જ છે છતાં પણ દરેક મામલાના બે પેહલું ઓલરેડી વાંચતા જ દેખાઈ આઈ મીન સમજાઈ જાય છે અને એ છે એકબાજુ બોરિંગ થવાવાળા અને બીજી બાજુ એ જ કામને જરાક જુદો રંગ...જરાક જુદો ટ્વીસ્ટ ....જરાક હટકે લાગે એવું પ્રેઝન્ટેશન કરનારાઓ!

લેખનું ટાઈટલ બનેલી ઉમરાવજાન ફિલ્મના ગીતની પંક્તિ 'ઈસ અંજુમન મેં આપકો આના હૈ બારબાર'નો આગલો પોર્શન જ વિચારવા જેવો છે કે 'દીવાર-ઓ-દર કો ગૌર સે પહેચાન લીજીયે '' ...અને આ જ તો છે ટાઈટલ પંક્તિમાં ઉઠાવેલી ઉલ્ફતનો સરળ જવાબ !!! જી હા બહેનો ઔર ભાઈઓ ...જિંદગી ઝંડવા હુઈ ગઈ હૈ ...આઈ મીન જિંદગી ફાસ્ટ તો થઈ જ ગઈ છે પણ કમાવાની જદ્દોજહદમાં એકધારી પણ બનતી ગઈ છે . રોજ એ જ ઓફીસ ...કે એ જ ઘર ...કે એ જ દુકાન ...કે એ જ કામ-ધંધો ...એ જ રહોડું ....એક્સેટ્રા એક્સેટ્રા. લગભગ બધું સેમ ટુ સેમ ચાલતું હોય છે . એ જ યુનિફોર્મ ...એ જ ૧૦:૦૫ ની બસ ....એ જ ખુરશી-ટેબલ ...એ જ બોસ કે પછી ધંધાર્થી હોય તો એ જ આવક-જાવકની રોજીંદી લમણાઝીંક – ગ્રાહકો-ઉઘરાણી ....વગૈરાહ વગૈરાહ ..!!! સાયન્સ કહે છે કે અતિ રૂટીન લાઈફ એ એક પ્રકારનો રોગ છે અને એનાથી અનેકો પ્રકારની તકલીફો માનવજીવને પડી શકે છે ..!!

ખેર અહી આપણે તકલીફો કઈ કઈ પડશે એનું પિષ્ટપીંજણ કરીને દુખતી રગો દબાવવાને બદલે આ રૂટીન લાઈફને અન-રૂટીન (!!!) કેવી રીતે બનાવી શકાય એના પર થોડી લાઈટ થ્રો કરવાનો પ્રયત્ન કરવાના છીએ . સી , કમાવા જવું કે ધંધે જવું એ તો જરૂરી જ છે , એ જ રીતે સ્ત્રીઓને રસોડે જવું કે પછી સાસરે કે ઘરમાં એડજસ્ટ થવું એ પણ એટલું જરૂરી છે જ પણ જ્યારે આ બધી વસ્તુઓ-પ્રક્રિયાઓ રૂટીન લાગવા માંડે કે પછી રૂટીન થઈ જાય એવામાં સમજો કે જિંદગી કા ચાર્મ કુછ કમ હોને લગતા હૈ ..!! લાઈફ બોરિંગ લાગવા લાગે છે પણ અહી વાત આપણે બોર થવા પર નથી કરવી પણ રૂટીનમાં પણ મજોમજો જલસો જલસો કરવાની વાત છે . સી , ખબર જ છે કે રોજ ઓફીસ જવાનું જ છે ...ખબર જ છે કે રોજ દુકાને કે ધંધે પણ જવાનું જ છે ...ખબર જ છે કે રોજ રસોડા-ઘરકામમાં ગુંથાવાનું જ છે તો એવામાં જો એને રૂટીન ગણવા લાગીએ તો બોર થવાની – કંટાળી જવાની શક્યતા વધુ રહેવાની પણ દીવાર-ઓ-દર કો જો ગૌર સે પહેચાન લઈએ તો એ જ બોરિંગ-રૂટીન લાઈફ અમુક અંશે રસાળ – મસ્ત – રાપ્ચિક લાગી શકે છે . પૂછો કૈસે ???

તો ઐસે કી વાત હવે ગંભીર વળાંક લઇ રહી છે એવી વૉર્નિંગ સાથે બોરિંગ કે રૂટીન લાઈફને છુપાવવાનો કે એને આપણા પર હાવી ના થવા દેવાનો એક આસાન અને સરળ રસ્તો છે 'કશુક નવું કરતા રહેવું' ...નવું મતલબ એ જ ઓફીસ એ જ ઘર કે એ જ રૂટીન ક્રિયાઓ કે ઘટનાઓ કે જે કરવી જ પડવાની છે એમાં થોડા થોડા સમયે કોઈ ને કોઈ ટવીસ્ટ આપતો રહેવો . એ જ રીંગણ-બટાકા નું ડીફરન્ટ શાક બનાવવા જેવી વાત છે આ યુ સી ....!!! મનોવિજ્ઞાનીઓ કહે છે કે રૂટીન લાઈફને તમારે ફોલો કરવી ફરજીયાત છે કેમકે ઈટ ઈઝ લાઈફ ઓર પાર્ટ ઓફ લાઈફ પણ ઓફીસ કે ઘરના રૂટીનમાંથી પણ જો કશુક નવું જાણવા-માણવા કે સમજવાનો વીકમાં એકાદી વાર પ્રયત્ન કરીશું તો રૂટીનનું લેબલ થોડી વાર દુર જતું રહેશે . ખબર જ છે કે આ કામ કરવાનું જ છે – લખાયેલું જ છે આપણા લમણે તો પછી બેટર છે કે એ રૂટીન આપણા પર હાવી થાય એવી એક પણ તક એને આપીએ નહિ . મીન્સ કે બની શકે ત્યાં સુધી એ રૂટીનમાંથી પણ કશુક આકસ્મિક આશ્ચર્ય જેવું શોધી શકીએ તો એ રૂટીન રૂટીન ના રહેતા થોડું આનંદપ્રદ બની રહેશે . ઈનફેક્ટ સાયન્સ તો કહે જ છે કે કોઈ રૂટીન ના હોવું એ મેન્ટલ ડીસોર્ડર છે પણ આપણે એટલા બધા ગંભીર પરિણામો વિષે નથી વિચારવું . એકધારી જિંદગી કે કામકાજથી બોર થવું અલગ વાત છે અને રૂટીનથી બોર થવું બીજી વાત છે અને અહી વાત બોર થવાની એટલા માટે નથી કે બોર ત્યારે થવાય કે કરવું પડે એવું હોય એ કામ પણ કરવાની ઈચ્છા થાય નહિ જ્યારે રૂટીનમાં તો (ફરજીયાત) કરવાનું જ છે એ કામ કઈ રીતે બોર થયા વગર કરવું એની વાત છે . એના માટે અગેન દીવાર-ઓ-દર ને ઓળખવાની જરૂરીયાત છે જ. ઓફીસ હોય કે ઘર ...સંબંધ હોય કે સંસાર એ બધામાં કશુક આગવું – પોઝીટીવ – નવીન શોધતા રહેવું પડે , તો અને તો જ એ રૂટીન આપણા પર સવાર નહિ થાય અને આ બધું જ રૂટીન ને ફોલો કરતા રહીને કરવાનું છે . અઘરું તો છે પણ અશક્ય બિલકુલ નથી જ. ઘણીવાર રૂટીન લાઈફ એટલા માટે પણ ફોલો કરતા હોઈએ છીએ કે એ આપણને એક પ્રકારનું કમ્ફર્ટ ઝોન જેવું લાગતું હોય છે . મોટાભાગે કોઈ પડકાર વગરની જિંદગી જીવતા લોકો રૂટીન લાઈફમાં ક્યારે બોરડમના શિકાર બની જાય છે એની એમને પણ ખબર નથી હોતી . જો રૂટીન લાઈફને ઓળખીને એમાં જ રહીને કશુક નવું વિચારી શકાય – કરી શકાય તો લાઈફ જીંગા લાલા થતા વાર નથી લાગતી !! બોલે તો રૂટીનમાં રહીને જ આ જીંગા લાલા વાળું હાવ ટુ એચીવ ? હિયર આર સમ ટીપ્સ ટુ દીવાર-ઓ-દર ને પહેચાનવાની..!!

સૌપ્રથમ તો રૂટીનમાં રહીને જ કશુક નવું ટ્રાય કરો . ઓફીસવર્કમાં પણ કશુક નવી રીતે કોઈ કામ કરવાની ટ્રાય કરો ..કોઈ નવું લક્ષ્ય રાખીને એને પામવા નવી રીતો અજમાવો...ખાલી સમય કાઢો અને એ ખાલી સમયમાં મનગમતી કોઈ પ્રવૃત્તિ કરો ..કોઈ એવા વ્યક્તિ સાથે વાત કરવાની કોશિશ કરો જે તમારી સામે આવતા અચકાઈ છે –ગભરાઈ છે . આવું જ કઈક સંબંધોમાં પણ કરી શકો. સી રિલેશન્સને રૂટીન નો એરુ બહુ ઝડપથી આભડી જાય છે તો બેટર છે કે સંબંધમાં એવું બતાવતા રહો કે ' આઈ કેર યુ' .. તમારે શું જોઈએ છે એનો એક આઈડિયા દિમાગમાં રાખો અને એ ગોલથી ભટકીને કોઈ કામ ના કરો ...વ્યર્થ શક્તિ વેડફાશે અને બોર થવાના ચાન્સીસ વધવાના ..!! ગોળ રાખો પણ એ ગોળ અચીવ ના થાય કે એમાં મોડું થાય તો નાસીપાસ થયા વગર રૂટીનને ચોપડાવ્યા વગર ગોળ અચીવ કરવાની બીજી રીતો શોધી કાઢો , એ નહાને પણ રૂટીન બ્રેક કરી શકશો ..!! નિષ્ફળતાનો ટોપલો તમારા રૂટીન પર ઢોળો નહિ એને બદલે એ જ રૂટીનને રી-પ્લાન કરી નિષ્ફળતાને ચેલેન્જ કરો ..વિક કે મંથમાં એકાદ-બે વાર રૂટીન તોડવાની કોશિશ કરો ..!! માઈન્ડ વેલ કે આ ટીપ્સ ગૃહિણી,નોકરીયાત,ધંધાદારી કે બીજા બધા જ માટે કોમન છે . અમલ બધા કરી શકે છે પોતપોતાની રીતે

વિસામો : ઘણા તો એટલા રૂટીન ના આદી થઈ ગયા હોય છે કે રેસ્ટોરન્ટમાં પણ દરેક વખત અનેકોવાર ચાખેલી ડીશનો જ ઓર્ડર આપતા હોય છે !!!